**રાજ્યની સરકારી/બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગજનો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ અંગેની જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૫ થી ૦૪/૨૦૨૫**

## અગત્યની સુચના

*તા. ૧૬/૦૨/૨૦૨૬*

રાજ્યની સરકારી અને બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગજનો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ–૨૦૨૫ અન્વયે સરકારી અને બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક માટે તા. ૦૨/૦૨/૨૦૨૬ ના રોજ અને સરકારી અને બિનસરકારી માધ્યમિક માટે તા. ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ – ૧ જાહેર કરેલ છે.

ઉપરોક્ત જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૫ થી ૦૪/૨૦૨૫ માટે ઉમેદવારી કરનાર ઉમેદવારોએ નીચે મુજબના આધારો દિન–૭ માં ડૉક્યુમેન્ટ વેરિફિકેશન કરાવેલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે રજૂ કરવા જણાવવામાં આવે છે.

- જે ઉમેદવારોએ UDID દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરેલ નથી તેઓએ તાત્કાલિક સક્ષમ કક્ષાએથી સ્વાવલંબન પોર્ટલ પર રજિસ્ટર કરી UDID પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાના રહેશે.
- કેટલાક ઉમેદવારો દ્વારા UDID પ્રમાણપત્ર સમયમર્યાદા ધરાવતા Temporary દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરેલ છે, આ પ્રમાણપત્ર ભરતી માટે માન્ય હોવાના આધાર સક્ષમ કક્ષાએથી મેળવી રજૂ કરવાના રહેશે.
- જે ઉમેદવારની દિવ્યાંગતા પ્રમાણપત્રની સમયમર્યાદા પૂર્ણ થયેલ હોય તેવા ઉમેદવારોએ નવું UDID પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

ઉક્ત પ્રમાણપત્ર સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો આપની ઉમેદવારી માટેનો ભરતી સમિતિનો નિર્ણય આખરી રહેશે. જે આપને બંધનકર્તા રહેશે.

Sd/-
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ
અને નિયામક, શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગર